# શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.નવીપારડી

---

**: સને૨૦૨૪–૨૫ વાવેતર સીઝન માટે બિયારણ પ્લોટ બનાવવા અંગેના નીતિ–નિયમો :**

(૧) બિયારણ પ્લોટ સભાસદને વધુમાં વધુ ૧.૦૦ એકર વિસ્તાર મુજબ જ આપવામાં આવશે.

(૨) શેરડીની જાત અને માસ સંસ્થા જે નકકી કરે તે પ્રમાણે ફરજીયાત બનાવવાનો રહેશે.

(૩) શેરડી લામ કાઢી બિયારણ પ્લોટ બનાવી શકાશે નહીં.

(૪) બિયારણ પ્લોટ રસ્તાની સગવડતાવાળા ખેતરમાં બનાવવાનો રહેશે.

(૫) વધુ માંગણી આવશે તો પ્લોટની ફાળવણી "ડ્રો" પધ્ધતિથી કરવામાં આવશે.

(૬) સંસ્થામાંથી શેરડી બિયારણ મેળવવા માંગતાં સભાસદોએ શેરડી બિયારણ માટે ડિપોઝીટ દર ટને **રૂા.૨૦૦૦/–** (ચાલુ વર્ષે શેરડી પિલાણમાં આવવાની હોય તો) અને **રૂા.૪૪૦૦/–** (ચાલુ વર્ષે શેરડી પિલાણમાં ન આવવાની હોય તો) પ્રમાણે ભરવાની રહેશે. મહારાષ્ટ્રનું બિયારણ લેવા માંગતા સભાસદોએ **રૂા.૪૯૦૦/–** (શેરડી પિલાણમાં ન આવવાની હોય તો) દર ટને ભરવાના રહેશે. પ્લોટ ફાળવણી બાદ ડીપોઝીટની રકમ તા.૧૫/૧/૨૦૨૫ સુધીમાં ભરી જવાની રહેશે.

(૭) બિયારણ પ્લોટમાં ખાલ પુરવા માટે જે તે જાતના રોપા સંસ્થામાંથી મળેલ બિયારણમાંથી સભાસદે પોતે કરી લેવાના રહેશે. જો સભાસદ અન્ય જાતની શેરડીથી ખાલ પુરશે તો પ્લોટ રદ કરવામાં આવશે.

(૮) **સંસ્થાની મંજૂરી સિવાય બિયારણ પ્લોટની શેરડીના બિયારણનો ઉપયોગ કરી શકાશે નહીં. બિયારણનો ઉપયોગ સભાસદ પોતે તેમજ સંયુકત કુટુંબના સભ્યો રોપાણ બીજી ફેકટરી માટે કરવાના હોય તો તે માટે પણ મંજૂરી સંસ્થામાંથી મેળવવાની રહેશે. આ પ્રમાણે ન કરનાર સભાસદને લામ કાર્ડ આપવામાં આવશે નહીં. સંસ્થાનું રોપાણ મળેલ હોય (ઓકટોબર માસ) છતાં બિયારણનો ઉપયોગ અન્ય સુગરમાં રોપાણ કરવા માટે કરે તો લામ કાર્ડ મળશે નહીં.**

(૯) **ફાળવેલ પ્લોટની તમામ શેરડી બિયારણમાં વપરાશે એવી કોઈ ખાત્રી સંસ્થા તરફથી આપવામાં આવશે નહીં. સંજોગોવશાત સમગ્ર શેરડી અથવા બિયારણ કાપણી પછી બાકી રહેલ શેરડી પિલાણમાં લેવાના સંજોગો ઉપસ્થિત થાય તો રોપાણ તારીખના ક્રમ મુજબ કાપણી કરવામાં આવશે. બિયારણના અધુરા પ્લોટ બાબતે કાપણી અંગે કોઈ અગ્રીમતા આપવામાં આવશે નહીં.**

(૧૦) બિયારણ પ્લોટ શેરડી જાત કો.૮૬૦૦૨, કો.૮૬૦૩૨, એમ.સી.૭૦૭, કો.૦૨૩૮, કો.એન.૦૫૦૭૧, એમ.એસ.૧૪૦૮૨, કો.૧૧૦૧૫, વી.એસ.આઈ.૮૦૦૫, કો.એમ.૦૨૬૫,કો.એન.૧૩૦૭૨,કો.વી.એસ.આઇ. ૧૮૧૨૧, કો.૧૩૦૧૩ ના સંસ્થા પાસે બિયારણ ઉપલબ્ધ હશે તે મુજબ આપવામાં આવશે તથા આશાસ્પદ શેરડી જાતોના બિયારણ પ્લોટ સંસ્થાની મંજૂરી લઈ રોપાણ કરી શકશે.

(૧૧) મહારાષ્ટ્રમાંથી બિયારણ લાવવામાં આવે તો નકકી થયેલ ભાવ મુજબ (વાહતુક સહિત) લાવી સભાસદો પાસેથી તે ભાવ તથા અનલોડીંગ ચાર્જ વસુલ કરવામાં આવશે તથા સભાસદોને સંસ્થાથી તેમના ખેતર સુધી બિયારણ પહોંચાડવા માટેનો ટ્રાન્સપોર્ટ ચાર્જ સંસ્થા ધ્વારા ભોગવવામાં આવશે.

(૧૨) **બિયારણ પ્લોટની મંજૂરી તા.૦૧/૦૧/૨૦૨૫ થી આપવામાં આવશે તથા રોપાણ થયા બાદ બિયારણ પ્લોટની નોંધ ગ્રામ–પ્રતિનિધીને ત્યાં સંસ્થાના વાવેતર નોંધણી પત્રકમાં ફરજીયાત કરાવવાની રહેશે.**

(૧૩) આ ઉપરાંત સંસ્થા જે નીતિ–નિયમો નકકી કરે તે માન્ય રાખવાના રહેશે.

કેઈન ડેવલપમેન્ટ ઓફિસર